# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-03-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

*****************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના મોહભટ્ટા અને બિલાસપુર જિલ્લામાં 33 હજાર 700 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - ગરીબમાં ગરીબ વ્યક્તિને શ્રેષ્ઠ શક્ય સારવાર પૂરી પાડવી એ સરકારની ટોચની પ્રાથમિકતા છે.

**3)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં કાપડના કચરાને સમગ્ર વિશ્વ માટે ચિંતાનું કારણ ગણાવ્યું

**4)** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું બિહારમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સને મંજૂરી મળવાથી, **NDA** વિકાસનો પર્યાય બની ગયું.

**5)** આજે દેશભરમાં ગુડીપડવો, ચૈત્ર નવરાત્રિ, ચેટીચાંદ અને ઉગાડી તહેવારોની ઉલ્લાસભેર ઉજવણી થઈ રહી છે.

**6)** આઇપીએલ ક્રિકેટમાં વિશાખાપટ્ટનમમાં આજે દિલ્હી કેપિટલ્સે સનરાઇઝ હૈદરાબાદને સાત વિકેટથી હરાવ્યું

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-CHHATTISGARH VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે છત્તીસગઢના મોહભટ્ટા અને બિલાસપુર જિલ્લામાં 33 હજાર 700 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ વિકાસ કાર્યોમાં વીજળી, રસ્તા, રેલ્વે, ઓઇલ અને ગેસ, શિક્ષણ અને આવાસનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે છત્તીસગઢના નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં કાયમી શાંતિનો એક નવો યુગ જોવા મળી રહ્યો છે. રાજ્યના દૂરના આદિવાસી વિસ્તારોમાં રસ્તા, વીજળી અને મોબાઇલ નેટવર્કની સાથે આરોગ્ય અને અન્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે છત્તીસગઢનું ભાગ્ય બદલાઈ રહ્યું છે. આદિવાસી વિસ્તારોના વિકાસ માટે ધરતી આબા આદિવાસી વિકાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, અત્યંત પછાત આદિવાસી સમુદાયો માટે પ્રધાનમંત્રી જન-મન યોજના ચલાવવામાં આવી રહી છે. આ યોજના હેઠળ આદિવાસી વિસ્તારોના વિકાસ માટે હજારો કરોડ રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર છત્તીસગઢના દરેક પરિવાર સુધી વિકાસના લાભો પહોંચે તે સુનિશ્ચિત કરવામાં કોઈ કસર છોડશે નહીં.

કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણના ત્રણ લાખ લાભાર્થીઓને ઘરોની ચાવીઓ સોંપતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે.

(બાઇટ-પ્રધાનમંત્રી)

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ અભાનપુર-રાયપુર સેક્શન પર MEMU ટ્રેન સેવાનું પણ ઉદ્ઘાટન કર્યું. આ કાર્યક્રમમાં ગૃહ અને શહેરી વિકાસ મંત્રી મનોહર લાલ ખટ્ટર અને છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈએ પણ સંબોધન કર્યું હતું.

# NEW PRIME MINISTER-NAGPUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ગરીબમાં ગરીબ વ્યક્તિને શ્રેષ્ઠ શક્ય સારવાર પૂરી પાડવી એ સરકારની ટોચની પ્રાથમિકતા છે. તેમણે એમ પણ કહ્યું કે આયુષ્માન ભારત યોજના હેઠળ કરોડો લોકો મફત સારવાર સુવિધાઓનો લાભ લઈ રહ્યા છે.

(બાઇટ-પ્રધાનમંત્રી)

આજે મહારાષ્ટ્રના નાગપુરમાં માધવ નેત્રાલય પ્રીમિયમ સેન્ટરનો શિલાન્યાસ કરતી વખતે શ્રી મોદીએ કહ્યું કે જન ઔષધિ કેન્દ્રો પર ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સસ્તા દરે દવાઓ મળી રહી છે.

શ્રી મોદીએ કહ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકરો દેશભરમાં નિઃસ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા છે. તેમણે કહ્યું કે આપત્તિ વ્યવસ્થાપનની બાબતોમાં, આ કામદારો સૈનિકોની જેમ શિસ્ત ધરાવે છે. પ્રધાનમંત્રીએ દેશમાં રાષ્ટ્રવાદી ભાવના જાગૃત કરવામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપકો ડૉ. કેશવ હેડગેવાર અને માધવરાવ ગોલવરકરની ભૂમિકાની પણ ચર્ચા કરી. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને ભારતની અમીટ સંસ્કૃતિ અને આધુનિકીકરણનું પ્રતીક ગણાવ્યું.

અગાઉ શ્રી મોદીએ નાગપુરમાં સ્મૃતિ મંદિરની મુલાકાત લીધી હતી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડૉ. કેશવ હેડગેવાર તથા ગુરુજી તરીકે જાણીતા માધવરાવ ગોળવલકરને સમર્પિત સ્મારકોમાં શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે આર. એસ. એસ. ના વડા મોહન ભાગવત, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રીએ દીક્ષાભૂમિની મુલાકાત લીધી હતી અને ડૉક્ટર બી. આર. આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી હતી.

## **MAN KI BAAT**-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમની ૧૨૦ કડીમાં સંબોધન કરતાં વિદ્યાર્થીઓને ઉનાળાના વેકેશન દરમિયાન સકારાત્મક પ્રવૃત્તિઓ કરવાની સલાહ આપી. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓ ટેકનોલોજી શિબિરના માધ્યમથી એપ્લિકેશન બનાવવાની સાથે ઓપન સોર્સ સોફ્ટવેર વિશે પણ શીખી શકે છે. પ્રધાનમંત્રીએ યુવા પ્રેક્ષકો માટે માય ભારત નામના ખાસ કેલેન્ડર વિશે વાત કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાપડના કચરાને સમગ્ર વિશ્વ માટે ચિંતાનું મોટું કારણ ગણાવ્યું છે. શ્રી મોદીએ જણાવ્યું કે, વિશ્વમાં કાપડના કચરામાંથી માત્ર એક ટકા કપડાનું જ નવા કપડામાં રિસાઇકલિંગ થાય છે. ભારત વિશ્વમાં ત્રીજો દેશ છે જ્યાં મહત્તમ કાપડ કચરાનું ઉત્પાદન થાય છે. પ્રધાનમંત્રીએ જૂના કપડાના નિકાલ માટે કાર્ય કરતી સંસ્થાઓનાં પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

(બાઇટ-પ્રધાનમંત્રી ટેક્ષટાઇલ)

પ્રધાનમંત્રીએ ઘણા રાજ્યોમાં જળ સંરક્ષણ કાર્યને નવી ગતિ મળી છે તે અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.પ્રધાનમંત્રીએ કહ્યું કે દર વર્ષની જેમ આ વખતે પણ કેચ ધ રેઈન અભિયાન માટે તૈયારીઓ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે જળ સંચય - જનભાગીદારી અભિયાન વધુને વધુ લોકોને જળ સંરક્ષણ સાથે જોડવા માટે ચલાવવામાં આવી રહ્યું છે

---

પ્રધાનમંત્રીએ તાજેતરમાં પૂર્ણ થયેલી ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સમાં ખેલાડીઓના પ્રદર્શનની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ વખતે આ રમતોમાં પહેલા કરતા વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. પ્રધાનમંત્રીએ આર્મ બોક્સર જોબી મેથ્યુના પત્રની પણ ચર્ચા કરી. પ્રધાનમંત્રીએ દિલ્હીમાં આયોજિત પ્રથમ ફિટ ઇન્ડિયા કાર્યક્રમ વિશે વાત કરી,

જેમાં જીવનના વિવિધ ક્ષેત્રોના લગભગ પચીસ હજાર લોકોએ ભાગ લીધો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે હવે સ્વદેશી રમતો પણ લોકપ્રિય બની રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે હવે ૧૦૦ દિવસથી પણ ઓછા સમય બાકી છે. તેમણે લોકોને યોગને પોતાના જીવનમાં સામેલ કરવા વિનંતી કરી.

**પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે દુનિયામાં ઘણી સંસ્થાઓ છે જે વર્ષોથી ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ માટે કામ કરી રહી છે. આ સંદર્ભમાં, તેમણે 'સિંગાપોર ઇન્ડિયન ફાઇન આર્ટ્સ સોસાયટી'નો ઉલ્લેખ કર્યો હતો.**

**પ્રધાનમંત્રીએ મ્યાનમારમાં આવેલા ભૂકંપમાં ભારત ઓપરેશનબ્રહ્મા હેઠળ સહાય આપવા માટે સૌથી પહેલુ પહોચ્યું હોવાનો ઉલ્લેખ કર્યો હતો.**

**1415--PM-GLOBAL-SOUTH-VOICE.MP3**

**પ્રધાનમંત્રીએ આજથી શરૂ થયેલા ચૈત્ર નવરાત્રીના અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું કે આગામી થોડા દિવસોમાં વિવિધ તહેવારો ઉજવવામાં આવશે, જેમાં ઈદ, આસામમાં રોંગાલી બિહુ, બંગાળમાં પોઈલા વૈશાખ અને કાશ્મીરમાં નવરેહનો સમાવેશ થાય છે. દેશના લોકોને શુભેચ્છા પાઠવતા તેમણે કહ્યું કે આ તહેવાર ભારતની વિવિધતામાં એકતાનું પ્રતીક છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

## DHANKHAR-CONFERENCE

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે દિલ્હીમાં પર્યાવરણ પર રાષ્ટ્રીય પરિષદના સમાપન સત્રમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સંબોધતા શ્રી ધનખડે જણાવ્યું હતું

કે વૈશ્વિક પર્યાવરણીય પડકારોનો સામનો કરવા માટે સરહદ પાર સહયોગ અને નવીન નીતિઓની જરૂર છે, જે એકસાથે પર્યાવરણીય સંસાધનોનું સંરક્ષણ કરી શકે અને આર્થિક વિકાસને આગળ ધપાવી શકે. તેમણે નાગરિકોને પર્યાવરણ સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી.

## CHHATTISGARH - MAOISTS

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આજે ૫૦ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું. તેમાંથી ૧૩ માઓવાદીઓ ઉપર ૬૮ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં આટલી મોટી સંખ્યામાં માઓવાદીઓએ એકસાથે આત્મસમર્પણ કર્યું હોય તેવું આ પહેલી વાર બન્યું છે.

બીજાપુર જિલ્લાના પોલીસ અધિક્ષક જિતેન્દ્ર કુમાર યાદવે જણાવ્યું હતું કે આત્મસમર્પણ કરનારા માઓવાદીઓમાં પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી - **PLGA** બટાલિયન અને અન્ય જૂથોમાં સક્રિય કમાન્ડર અને સબ-કમાન્ડર કક્ષાના માઓવાદીઓનો સમાવેશ થાય છે.

## ઇદનો ચાંદ

ગુજરાત ચાંદ કમીટીના પ્રમુખ મુફતી શબ્બીર સિદ્દીકીએ જણાવ્યું છે કે, આજે ઇદ ઉલ ફિત્રનો ચાંદ દેખાયો છે. આ અંગે વધુ માહીતી આપે છે. અમારા પ્રતિનિધિ

(બાઇટ-સમીર અંસારી)

## AMIT SHAH-BIHAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે બિહારમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સને મંજૂરી મળવાથી, રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન **NDA** વિકાસનો પર્યાય બની ગયું છે. આજે રાજ્યના ગોપાલગંજ જિલ્લાના પોલીસ લાઇન મેદાનમાં જાહેર સભાને સંબોધતા શ્રી શાહે કહ્યું કે જો **NDA** સત્તામાં આવશે તો પૂરની સમસ્યાનો ઉકેલ આવશે અને પૂરનો ભય ભૂતકાળ બની જશે.

યુપીએ અને એનડીએ શાસનની સરખામણી કરતા શ્રી શાહે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ છેલ્લા દસ વર્ષમાં બિહારને 9 લાખ 23 હજાર કરોડ રૂપિયા આપ્યા છે, જ્યારે યુપીએ શાસન દરમિયાન આ રકમ 2 લાખ 80 હજાર કરોડ રૂપિયા હતી. શ્રી શાહે આરોપ લગાવ્યો કે રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ પ્રસાદે તેમના રાજકીય જીવનમાં ફક્ત પરિવારના રાજકારણને પ્રોત્સાહન આપ્યું છે.

બિહાર મુલાકાતના છેલ્લા તબક્કામાં, શ્રી શાહે આજે પટનામાં NDA ના પાંચેય ઘટક પક્ષોના નેતાઓની બેઠક યોજી હતી. આ વર્ષના અંતમાં યોજાનારી બિહાર વિધાનસભા ચૂંટણીઓ સંબંધિત રણનીતિ અને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

JD(U) ના રાષ્ટ્રીય અધ્યક્ષ અને મુખ્યમંત્રી નીતિશ કુમાર ઉપરાંત, NDA ના તમામ ઘટક પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા.

શ્રી શાહે તમામ પક્ષના અધિકારીઓને બિહાર વિધાનસભા ચૂંટણી 2025 માં પ્રચંડ વિજય સુનિશ્ચિત કરવા માટે પક્ષના અન્ય સાથી પક્ષો સાથે સુમેળમાં કામ કરવા જણાવ્યું હતું.

## FESTIVALS

આજે દેશભરમાં ગુડીપડવો, ચૈત્ર નવરાત્રિ, ગુડી પડવા, ચેટીચાંદ, ઉગાડી સહિતનાં તહેવારોનું ભક્તિભાવ અને ઉલ્લાસભેર ઉજવણી થઈ રહી છે. આજે મહારાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં  મરાઠી નવું વર્ષ ગુડી પડવો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યુ  છે. આ તહેવાર વસંત ઋતુના આગમનનું પ્રતીક છે.

આજથી ચૈત્ર નવરાત્રીનો પણ પ્રારંભ થયો છે, જે રામ નવમી પર પૂર્ણ થશે. દેશનાં તમામ પ્રસિધ્ધ મંદિરો અને શક્તિપીઠોને શણગારવામાં આવ્યા છે. ભાવિકો મોટી સંખ્યામાં વિશેષ પૂજા અર્ચના માટે મંદિરોમાં જોવા મળી રહ્યા છે.

આજે સિંધી ભાઈ બહેનો દ્વારા ચેટીચાંદની પણ ઉલ્લાસભેર ઉજવણી કરાઈ રહી છે. આજે ભગવાન ઝુલેલાલની શોભાયાત્રા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશવાસીઓને ચૈત્ર નવરાત્રિ, ગુડી પડવા, ચેટીચાંદ, ઉગાડી, નવરેહ અને સાજીબુ-શેરોબા તહેવાર પ્રસંગે શુભેચ્છા પાઠવી છે.

| |
|---|
| EVE-ODISHA-RAIL-DERAILED.rtf |

ઓડિશાના કટકમાં નિર્ગુન્ડી રેલ્વે સ્ટેશન નજીક મંગુલી-ચૌદ્વાર ખાતે બેંગલુરુ-ગુવાહાટી કામાખ્યા સુપરફાસ્ટ એક્સપ્રેસના 11 ડબ્બા પાટા પરથી ઉતરી ગયા. આ અકસ્માતમાં પશ્ચિમ બંગાળના એક મુસાફરનું મોત નીપજ્યું હતું અને ૭ થી વધુ મુસાફરો ઇજાગ્રસ્ત થયા હતા, જેમાંથી કેટલાકની હાલત ગંભીર છે. ઇજાગ્રસ્ત મુસાફરોને કટક ખાતે એસસીબી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે રેલ્વે દ્વારા આજે સાંજે અકસ્માત સ્થળેથી તેમના ગંતવ્ય સ્થળે લઈ જવા એક ખાસ ટ્રેનની વ્યવસ્થા કરાઇ હતી.ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ અકસ્માત સ્થળે રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી છે.

## MYANMAR EARTHQUAKE

શુક્રવારે મ્યાનમારમાં આવેલા વિનાશક ભૂકંપ પછી, આજે માંડલે નજીક ફરી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 5.1 માપવામાં આવી હતી. અમેરિકન જીઓલોજિકલ સર્વેએ આ માહિતી આપી છે. શુક્રવારે આવેલા ૭.૭ ની તીવ્રતાના ભૂકંપમાં મૃત્યુઆંક વધીને ૧ હજાર ૬૪૪ થયો છે.

મ્યાનમારમાં રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. પરંતુ કેટલાક તૂટેલા રસ્તાઓ, તૂટી પડેલા પુલો અને સંદેશાવ્યવહારની કામગીરી ઠપ્પ થવાના કારણે  બચાવ કામગીરી અવરોધો વચ્ચે પણ ચાલી રહી છે.

# IPL

આઇપીએલ ક્રિકેટમાં વિશાખાપટ્ટનમમાં આજે દિલ્હી કેપિટલ્સે સન રાઇઝ હૈદરાબાદને સાત વિકેટથી હરાવ્યું છે. સનરાઇઝ હૈદરાબાદે ટોસ જીતીને બેટીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. 18.4 ઓવરમાં 163 રન બનાવીને સનરાઇઝ હૈદરાબાદ ટીમ ઓલઆઉટ થઇ ગઇ હતી. 164 રનનો પીછો કરતાં દિલ્હી કેપિટલ્સે 16 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 166 રન કરતાં સાત વિકેટ વિજય મેળવ્યો હતો.

બીજી અન્ય મેચમાં ગૌહતીમાં રાજસ્થાન રોયલ્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સ વચ્ચે થોડીવારમાં મેચ શરૂ થશે. ચૈન્નાઇ સુપર કિંગ્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી છે.

છેલ્લા મળતા અહેવાલો મુજબ રાજસ્થાન રોયલ્સે 4.1 ઓવરમાં 1 વિકેટે 45 રન કર્યા છે.